Trust Regd. No.: E/17046, Ahmedabad
Dated: 28/01/2005

# શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ

## વાર્ષિક અહેવાલ

## ૨૦૨૫–૨૬

આરોગ્ય સેવા • શિક્ષણ
દ્વારા સમાજ કલ્યાણ માટે સમર્પિત

ધોળકા, અમદાવાદ

# અમારા ટ્રસ્ટ વિશે

## ટ્રસ્ટનું વિઝન (SHBCT):

આવનારા વર્ષોમાં ગ્રામીણ યુવાધન રાષ્ટ્રના નવ નિર્માણમાં મહત્વનું યોગદાન આપી શકે તે માટે પ્રાથમિક શાળાથી જ બાળકની સર્જનાત્મક શક્તિ અને તેનો આત્મવિશ્વાસ વિકસે તે માટે અભ્યાસક્રમને કેન્દ્ર સ્થાને રાખીને શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, પૂરક શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરશે.

## ટ્રસ્ટનું ધ્યેય (SHBCT):

ગ્રામીણ વિસ્તારમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સુષુપ્ત સર્જનાત્મકતા અને જિજ્ઞાસાવૃત્તિને ઉજાગર કરવા શ્રી હીરાલાલ ભગવતી ચેરીટેબલ ટ્રસ્ટ "પ્રવૃતિ દ્વારા શિક્ષણ" સબંધિત શૈક્ષણિક કાર્ય કરશે.

વર્ષ **૨૦૨૫-૨૬** દરમિયાન શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ (SHBCT) શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે, ધોળકા અને તેની આસપાસના ૩૬ ગામોમાં પ્રવૃત્ત રહ્યું. આ અંગેનો અહેવાલ અહીં રજૂ કરવામાં આવ્યો છે.

ટ્રસ્ટના વિઝન અને ધ્યેયને સાકાર કરવામાં સતત માર્ગદર્શન અને સહયોગ આપવા બદલ અમે **ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન, દક્ષિણામૂર્તિ ફાઉન્ડેશન, અગસ્ત્ય ફાઉન્ડેશન તથા લોક ભારતી ગ્રામ વિદ્યાપીઠ** પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આ સંસ્થાઓના સક્રિય સહયોગ અને પ્રેરણાથી અમે અમારા ધ્યેયને વધુ અસરકારક રીતે આગળ વધારી શક્યા છીએ. તેમના અમૂલ્ય યોગદાન માટે અમે ઋણી છીએ.









# ૧. બ્રિજ કોર્સ

ધોરણ ૩ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે વાંચન, લેખન અને ગણન ખૂબ જ જરૂરી છે, કારણ કે તે શિક્ષણનો મૂળભૂત પાયો છે. આ પાયો મજબૂત હશે તો વિદ્યાર્થીઓ આગળના તમામ વિષયો સરળતાથી સમજી શકે છે. વાંચન દ્વારા બાળકોમાં સમજશક્તિ અને શબ્દભંડોળ વધે છે. લેખન દ્વારા તેઓ પોતાના વિચારોને સ્પષ્ટ રીતે વ્યક્ત કરી શકે છે. ગણન દ્વારા ગણિતની સમજ વિકસે છે અને દૈનિક જીવનમાં પણ તેનો ઉપયોગ કરી શકે છે. આ ત્રણેય કૌશલ્ય બાળકોના બૌદ્ધિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો પ્રાથમિક ધોરણોમાં આ કૌશલ્ય મજબૂત બનાવવામાં આવે તો વિદ્યાર્થીઓ આગળના અભ્યાસમાં સફળતા મેળવી શકે છે. તેથી ધોરણ ૩ થી ૫ ના વિદ્યાર્થીઓને વાંચન, લેખન અને ગણન શીખવવું અત્યંત જરૂરી છે. નબળા શિક્ષણના પાયા પર ધોરણ ૫ પછીનું શિક્ષણ નબળું જ રહે અને આવો વિદ્યાર્થી તેની ભવિષ્યની કારકિર્દીમાં તેના કુટુંબ અને સમાજ માટે ભારરૂપ થાય. આ પરિસ્થિતિને સુધારવાની તાતી જરૂર અમારા ટ્રસ્ટને લાગી આથી ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનની વાંચન, ગણન અને લેખનની કચાશ દૂર કરવાની પદ્ધતિને અમે અપનાવી જેને 'બ્રિજકોર્સ' કહેવામાં આવે છે.





ધોળકા તાલુકાના આસપાસ આવેલા ૧૩ ગામોમાં ધોરણ ૩ થી ૫ ના કુલ ૫૭૩ વિદ્યાર્થીઓ માટે પાયાની શૈક્ષણિક ક્ષતિઓ દૂર કરવા “બ્રિજ કોર્સ” અમલમાં મુકાયો, જેમાં દરેક ગામ દીઠ એક શિક્ષણ સહાયકની નિમણૂક કરવામાં આવી; તેમના સતત પ્રયાસોથી નોંધપાત્ર પરિણામો પ્રાપ્ત થયા જેમાં **વાંચનમાં ૧૫૯ માંથી ૧૨૬ વિદ્યાર્થીઓ**, **લેખનમાં ૩૨૬ માંથી ૨૬૦ વિદ્યાર્થીઓ** અને **ગણનમાં ૪૧૬ માંથી ૩૨૬ વિદ્યાર્થીઓ પાયાની જરૂરી ક્ષમતા સુધી પહોંચ્યા**, સાથે જ ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન દ્વારા વિકસિત S2T2 સોફ્ટવેરની મદદથી દર ૧૫ દિવસે લેવાતી કસોટીઓ દ્વારા દરેક વિદ્યાર્થીની પ્રગતિનું સચોટ મૂલ્યાંકન કરવામાં આવ્યું, જેના આધારે શિક્ષકોને નબળા વિદ્યાર્થીઓની ચોક્કસ કચાશ ઓળખી તેને દૂર કરવા યોગ્ય પ્રયાસો કરવા સહાય મળી અને સત્રના અંતે મોટા ભાગના વિદ્યાર્થીઓને યોગ્ય શૈક્ષણિક સ્તરે લાવવામાં સફળતા મળી.

## યોગ્ય શૈક્ષણિક સ્તરે આવેલા વિદ્યાર્થીઓનું પરિણામ:

વાંચન
**૧૨૬ / ૧૫૯**
વિદ્યાર્થીઓ

લેખન
**૨૬૦ / ૩૨૬**
વિદ્યાર્થીઓ

અંકગણિત
**૩૨૬ / ૪૧૬**
વિદ્યાર્થીઓ

શાળાનું પ્રાથમિક શિક્ષણ ઉપરાંત ભવિષ્યમાં વિદ્યાર્થી સારો નાગરિક બને તે માટે **ધોરણ ૮ ના ૩૫૩ વિદ્યાર્થીઓને સંસ્કાર સિંચનનું શિક્ષણ આપવામાં આવ્યું. આ સાથે ધોરણ ૩ થી ૫ ના કુલ ૭૧૩ વિદ્યાર્થીઓને હેલ્થ એન્ડ હાઇજિન** વિષય અને સ્વચ્છતા જાગૃતિ સેશન દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું હતું. તેમજ બ્રિજકોર્સની ૧૩ શાળાઓમાં ઉનાળુ શિબિર દરમિયાન વિદ્યાર્થીઓને પર્યાવરણ, સ્વચ્છતા અને આરોગ્ય તેમજ પ્રાકૃતિક ખેતી જેવા વિષયો અંગે જ્ઞાન પ્રાપ્ત થાય અને તેમજ સર્જનાત્મકતા વિકસે તે હેતુસર વિવિધ શૈક્ષણિક અને સર્જનાત્મક પ્રવૃતિ કરાવવામાં આવી હતી. ૪૫૫ વિદ્યાર્થીઓ આ શિબિર માં જોડાયા હતા.

# ૨. બાલવાટિકા(પ્રારંભિક બાળશિક્ષણ)

બાલવાટિકા (પ્રારંભિક બાળશિક્ષણ) બાળકના સમગ્ર વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ તબક્કો છે. આ વયે બાળકનું મગજ ઝડપી ગતિએ વિકસે છે અને તે આસપાસ ના વાતાવરણ માંથી ઘણું શીખે છે. તેથી આ સમયમાં આપવામાં આવતું યોગ્ય શિક્ષણ બાળકના ભવિષ્યને ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

અમારી સંસ્થા દ્વારા ચાલુ કરવામાં આવેલ બાલવાટિકા પ્રોજેક્ટ વર્ષ દરમિયાન સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ નો મુખ્ય હેતુ નાનાં બાળકોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાનો અને તેમને સર્જનાત્મક તેમજ આનંદદાયક શિક્ષણ આપવાનો હતો.

આ પ્રોજેક્ટ અંતર્ગત અમારી સંસ્થા દ્વારા વિવિધ શાળામાં શિક્ષકોની નિમણૂક કરવામાં આવી હતી. આ શિક્ષકો દ્વારા બાળવાટિકાના સરકારી શિક્ષકો સાથે સહકારથી બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આવ્યું હતું. શિક્ષણ પ્રક્રિયામાં સર્જનાત્મક પ્રવૃત્તિઓ, બાળગીતો, બાળવાર્તાઓ, અભિનય ગીતો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેના કારણે બાળકોમાં રસ અને સક્રિયતા વધારવામાં મદદ મળી.

બાળકોના માનસિક અને શારીરિક વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ શૈક્ષણિક અને રમૂજી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓએ બાળકોના આત્મવિશ્વાસ, અભિવ્યક્તિ શક્તિ અને સામાજિક કૌશલ્યોના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

આ પ્રોજેક્ટ અંતર્ગત **કુલ ૧૦ શાળાનો** સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાં **અંદાજે ૩૨૦ જેટલા વિદ્યાર્થીઓને** શિક્ષણનો લાભ મળ્યો હતો. આ પ્રોજેક્ટ ને સફળ બનાવવામાં ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન નો મહત્વપૂર્ણ સહયોગ મળ્યો હતો. ઉપરાંત, શિક્ષકો અને વોલન્ટિયર્સને તાલીમ આપવા માટે શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર નો સહકાર નોંધપાત્ર રહ્યો હતો.

સંસ્થાના આ પ્રયત્નો દ્વારા બાલવાટિકા સ્તરે ગુણવત્તા યુક્ત શિક્ષણ અને સર્વાંગી વિકાસ તરફ એક સકારાત્મક પગલું ભરવામાં આવ્યું છે. ભવિષ્યમાં આ પ્રોજેક્ટ ને વધુ વિસ્તૃત બનાવી વધુ બાળકો સુધી પહોંચાડવા નો સંકલ્પ કરવામાં આવ્યો છે.





| શાળાઓ | લાભાર્થી વિદ્યાર્થીઓ |
|---|---|
| ૧૦ | ૩૨૦ |

# ૩. લેબ ઓન બાઇક : પ્રવૃતિ દ્વારા શિક્ષણ

ટ્રસ્ટ ના શિક્ષકો દ્વારા ધોરણ ૬ થી ૮ ના ૩૪ ગ્રામ્ય શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પ્રવૃતિ દ્વારા ગણિત અને વિજ્ઞાનના વિષયો સરકારના અભ્યાસક્રમ પ્રમાણે શીખવવામાં આવે છે. ગણિત અને વિજ્ઞાન, આ વિષયો વિદ્યાર્થી ની જિજ્ઞાસાને જાગૃત કરે છે.

ટ્રસ્ટ ના શિક્ષકો એક શાળામાં દર મહિને બે વાર વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાન ના અભ્યાસક્રમ મુજબના કીટ આપે છે. આવા દરેક વિષય ના ૪-૫ કીટ વિદ્યાર્થીઓના તેટલા જ ગ્રુપ પાડીને વહેંચવામાં આવે છે. શિક્ષક વિદ્યાર્થીઓને પ્રયોગો જાતે કરવા માટે યોગ્ય દોરવણી જરૂર પ્રમાણે આપતા રહે છે. વિદ્યાર્થીઓ “Hands on” અનુભવે મૂળભૂત સિદ્ધાંતને વધુ સ્પષ્ટ રીતે સમજી શકે છે. ભવિષ્યમાં આવી સમજ માણસને નવું સંશોધન અથવા રોજિંદા જીવનમાં અનુભવાતી સમસ્યા ને આસાનીથી ઉકેલી શકવામાં મદદરૂપ બને છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વિજ્ઞાન અને ગણિત વિષય માટે નિયુક્ત ૬ શિક્ષક દ્વારા ૩૪ ગ્રામ્ય શાળામાં અભ્યાસક્રમના વિજ્ઞાન અને ગણિત વિષયના વિવિધ પાઠોને પ્રવૃતિ આધારિત શિક્ષણ પદ્ધતિ દ્વારા **ધોરણ ૬ થી ૮ ના ૪૦૩૪ વિદ્યાર્થીઓ** સુધી સફળતાપૂર્વક પહોંચાડ્યા. આ શિક્ષણ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓએ પ્રયોગ, મોડેલ, રમતો અને વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા સરળ અને રસપ્રદ રીતે જ્ઞાન પ્રાપ્ત કર્યું, જેના કારણે તેમની સમજશક્તિ, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણમાં નોંધપાત્ર અને ગણિતીય કુશળતાઓમાં નોંધપાત્ર વિકાસ થયો. આ સાથે આ ૬ શિક્ષકો દ્વારા ધોળકા તાલુકાની ૧૨ પ્રાથમિક શાળામાં ૬ દિવસીય શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓને વિવિધ સર્જનાત્મક પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી, આ શિબિર માં ૪૦૮ વિદ્યાર્થીઓ ૬ દિવસની શિબિર માં જોડાયા હતા.

**૪,૦૩૪**
વિદ્યાર્થીઓ

**૩૪**
ગ્રામ્ય શાળાઓ

**૦૬**
લેબ શિક્ષકો





અગસ્ત્ય ફાઉન્ડેશનના સહયોગથી

# ૪. આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર , માયધાર

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગ થી ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના અંતરિયાળ ગામ માયધાર ખાતે પંડિત સુખલાલજી લોક વિદ્યાલય કેન્દ્રના પરિસરમાં જૂન-૨૦૧૯ થી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર નો શુભારંભ થયો છે.

આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધારની આજુબાજુના પાલિતાણા, તળાજા અને શિહોરી તાલુકાની ગ્રામીણ વિસ્તારની **૪૮ થી પણ વધુ સરકારી અને બિન સરકારી પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના ૫૦૪૩ જેટલા વિદ્યાર્થીઓ** વર્ષ દરમિયાન ચાર વખત આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં આવીને તેમના વિજ્ઞાન વિષયના અભ્યાસના પાઠ માં આવતી વિવિધ પ્રવૃતિઓ જાતે કરીને વિજ્ઞાનના સિધ્ધાંતોને શીખે છે. આ સાથે વેકેશન દરમિયાન ગ્રીષ્મ શિબિરમાં ૧૭૦૯ બાળકોએ વિવિધ પ્રવૃતિઓનો લાભ મેળવ્યો હતો.

આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં તાલીમ બધ્ધ યોગ્ય શૈક્ષણિક લાયકાતવાળા અને અનુભવી વિજ્ઞાન વિષયના શિક્ષકો દ્વારા પ્રવૃત્તિ આધારિત વિજ્ઞાન વિષયનું શિક્ષણ આપવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ રીતે વિજ્ઞાનના સિધ્ધાંતોનો અનુભવ કરી અને તેને રસ પૂર્વક શીખે છે. આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં વિવિધ ઉપકરણો વસાવ્યા છે જેના થકી વિદ્યાર્થીઓ સરળતા થી વિષયને સમજી શકે. ગત વર્ષે આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં 3D પ્રિન્ટર મશીન મૂકવામાં આવ્યું હતું, આવા ઉપકરણો વિદ્યાર્થીની સર્જનાત્મકતાને ઉજાગર કરવા ખૂબ ઉપયોગી બને છે.





**૫,૦૪૩**
**મુલાકાત લીધેલા વિદ્યાર્થીઓ**

**૪૮+**
**જોડાયેલી શાળાઓ**

# ૫. ટ્રસ્ટ દ્વારા સહઅભ્યાસિક શૈક્ષણિક પ્રવૃતિઓ

## સામાન્ય જ્ઞાન – બુદ્ધિ કસોટી (GK-IQ)

ગ્રામ્ય શાળાના વિદ્યાર્થીઓને ભવિષ્યમાં પોતાની વ્યવસાયી કારકિર્દી માટેનું એક સ્વપ્ન હોવું જરૂરી છે. આ સ્વપ્નને સાકાર કરવા તે વિદ્યાર્થીઓને અમુક કસોટી-સ્પર્ધા માંથી પસાર થવું પડે છે. આવી કસોટીમાં મુખ્યત્વે સામાન્ય જ્ઞાન અને બુદ્ધિ-આંક (GK-IQ) અંગેના પ્રશ્નો પૂછવામાં આવે છે. આની તૈયારી સારી રીતે થાય તે માટે ભાવનગર વિકાસ વર્તુળ સંસ્થા કસોટી અને સ્પર્ધાનું આયોજન કરે છે. ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ આ સંસ્થાની કસોટીમાં ભાગ લઈ શકે તે ટ્રસ્ટ ને યોગ્ય લાગ્યું આથી ટ્રસ્ટ સંચાલિત ૧૨ ગ્રામ્ય શાળાઓના વિદ્યાર્થીઓને આ અંગેની માહિતી આપી તેમને પ્રોત્સાહીત કર્યા, પ્રથમ પરીક્ષામાં મેરીટમાં આવનારા ૬ વિદ્યાર્થીઓને ટ્રસ્ટ તરફથી પુરસ્કાર આપવામાં આવ્યા, **ટ્રસ્ટની ૧૨ ગ્રામ્ય શાળાના કુલ ૫૨૦ વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ભાગ લીધો હતો.**

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી નિમિતે બે શાળામાં વિજ્ઞાન મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસાવવાનો તેમજ નવીન વિચારોને પ્રોત્સાહન આપવાનો હતો. આ વિજ્ઞાન મેળામાં બંને શાળાઓમાંથી ૭૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાન આધારિત કુલ ૩૫ કૃતિઓ અને પ્રયોગો રજૂ કરવામાં આવ્યા હતા. વિવિધ મોડેલ્સ, પ્રયોગો અને પ્રસ્તુતિઓ દ્વારા વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા, જ્ઞાન અને વૈજ્ઞાનિક સમજણનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું.

પ્રદર્શિત કૃતિઓમાં પર્યાવરણ સંરક્ષણ, પુનઃપ્રાપ્ય ઉર્જા, પાણી બચાવો, ટેક્નોલોજી આધારિત પ્રયોગો તેમજ દૈનિક જીવનમાં ઉપયોગી વૈજ્ઞાનિક સિદ્ધાંતો જેવા વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ સરળ ભાષામાં પોતાના પ્રયોગો અને મોડેલ્સની માહિતી આપી હાજર બાળકો અને શિક્ષકોને માહિતગાર કર્યા હતા. આ વિજ્ઞાન મેળાનો લાભ બંને શાળાના **૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓ**એ લીધો હતો. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રસ અને જિજ્ઞાસા વધે તેમજ તેઓમાં નવી શોધખોળ માટે પ્રેરણા મળે તેવા ઉદ્દેશ સાથે યોજાયેલો આ કાર્યક્રમ સફળ અને પ્રેરણાદાયક રહ્યો હતો.






## રાષ્ટ્રીય ગણિત દિવસ

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી નિમિતે બે શાળામાં ગણિત મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ગણિત પ્રત્યે રસ, તર્કશક્તિ અને સર્જનાત્મકતા વિકસાવવાનો હતો. આ ગણિત મેળામાં બંને શાળામાંથી ૮૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કુલ ૫૪ ગણિત આધારિત કૃતિઓ અને મોડેલ્સ તૈયાર કર્યા હતા. વિદ્યાર્થીઓએ ગણિતના વિવિધ વિષયોનું ખૂબ જ સરળ, રસપ્રદ અને પ્રયોગાત્મક રીતે રજૂઆત કરી હતી. પ્રદર્શનમાં ચતુષ્કોણોના પ્રકાર, કોણોના પ્રકાર, વર્તુળનું ક્ષેત્રફળ, સમઘન અને લંબઘન, અપૂર્ણાંકો, ઘન આકારો તેમજ ચતુષ્કોણોના ખૂણાઓના સરવાળા જેવા વિષયોનું આકર્ષક રીતે નિરૂપણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ દ્વારા ગણિતને સરળ અને સમજણસભર બનાવવાનો સુંદર પ્રયાસ કર્યો હતો.

આ ગણિત મેળાનું પ્રદર્શન જોવા અને તેનો લાભ લેવા માટે બંને શાળાઓના **૧૦૧૨ વિદ્યાર્થીઓ** ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે જિજ્ઞાસા અને રસમાં વધારો થયો હતો તેમજ શૈક્ષણિક વાતાવરણ વધુ પ્રેરણાદાયક બન્યું હતું.

## આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા "માતૃભાષા દિન" ની ઉજવણી ધોળકા તાલુકાની ૧૩ શાળાઓમાં  કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં માતૃભાષા પ્રત્યે પ્રેમ, ગૌરવ અને જાગૃતિ વિકસાવવાનો તેમજ ભાષા પ્રત્યેની અભિવ્યક્તિ શક્તિને પ્રોત્સાહન આપવાનો હતો.

આ પ્રસંગે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, વક્તૃત્વકલા અને વિચારોને સ્પષ્ટ રીતે રજૂ કરવાની ક્ષમતાનો વિકાસ થાય તે હેતુસર "વક્તૃત્વ સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. ધોળકા તાલુકાની **૧૩ શાળાઓમાં ધોરણ ૬ થી ૮ ના કુલ ૧૪૪ જેટલા વિદ્યાર્થીઓ**એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ માતૃભાષાના મહત્વ, સંસ્કૃતિ, શિક્ષણ અને સમાજમાં ભાષાના સ્થાન જેવા વિવિધ વિષયો પર સુંદર અને અસરકારક રજૂઆતો કરી હતી.

સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઇનામો આપવામાં આવ્યા હતા તેમજ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલા વિદ્યાર્થીઓને વિશેષ ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસનો અનોખો માહોલ જોવા મળ્યો હતો.





# ૬. શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલ , ધોળકા

### હોસ્પિટલનું ધ્યેય:

શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલ, ધોળકા અને તેની પડોશમાં રહેતી આર્થિક રીતે નબળી ગ્રામીણ પ્રજાની આરોગ્ય સુખાકારી અંતર્ગત સ્ત્રીરોગ, બાળરોગ અને અન્ય રોગ માટેની અદ્યતન તબીબી સેવાઓ પૂરી પાડશે. હોસ્પિટલમાં, આ સેવાઓ આપતાં નિષ્ણાંત તજજ્ઞો અને સ્ટાફના સભ્યો દર્દીની સારવાર દરમિયાન અનુકંપા અને પારદર્શિતા દાખવતો વ્યવહાર કાયમ માટે જાળવશે.

આજથી ૫૬ વર્ષ પહેલા, શ્રી શ્યામલાલ ભગવતી અને હિરાલાલ ભગવતીએ મહાજન પ્રથા અનુસાર તેમના ધંધાના નફાના એક ભાગનું રોકાણ કરી, ધોળકા નગરપાલિકાના સહયોગથી શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલની ધોળકા સ્થાપના કરી હતી.

વડીલોની આ પરંપરાને જાળવી રાખવા, તાજેતરના સમય દરમ્યાન હોસ્પિટલનું નવીનીકરણ કરી તેને અદ્યતન સાધનોથી અને નિષ્ણાંત તજજ્ઞોથી સજ્જ કરી છે. ગરીબ વર્ગના દર્દીઓને અમદાવાદની અદ્યતન  હોસ્પિટલમાં જે સેવાઓ મળે તેવી જ સેવાઓ પોસાય તે કિંમતે ઉપલબ્ધ થઇ શકે તે માટેનો અમારો પ્રયાસ રહ્યો છે.

આ હોસ્પિટલમાં પ્રસૂતિ અને સ્ત્રીરોગના દર્દીઓની સારવાર, બાળરોગ નિદાન અને તેને લગતી સારવાર, ફીઝીશીયન, X – Ray વિભાગ, સોનોગ્રાફી વિભાગ જેને માટે નિષ્ણાંત રેડીયોલોજીસ્ટ ડૉક્ટર, ચામડીના રોગ અંગેની સારવાર, માનસિક રોગ, ફેફસાંના રોગોના નિષ્ણાંત, કાન નાક ગળાના રોગો તથા ઓર્થોપેડીક રોગ માટેના તજજ્ઞોની સેવાઓ આપવામાં આવે છે. સ્ત્રી રોગ અને પ્રસૂતિ રોગના નિદાન અને તેની સારવાર માટે બે તજજ્ઞ ડૉક્ટરની નિમણુક કરવામાં આવી છે. જેથી ૨૪ X ૭ સેવાઓ આપવામાં આવે છે. બાળકો માટે NICU ની અદ્યતન સેવાઓ ઉપલબ્ધ છે અને તે અંગેના ડોક્ટરની પણ ૨૪ કલાક હાજરી હોસ્પિટલમાં હોય છે.

| ૫૩,૦૨૩ | ૧,૪૩૭ | ૧,૯૬૫ | ૨,૩૦૦ |
|---|---|---|---|
| બાહ્ય દર્દીઓ (OPD) | શસ્ત્રક્રિયાઓ | વાર્ષિક પ્રસૂતિઓ | કેમ્પના દર્દીઓ |





**ધોળકા અને તેની આસપાસના ગામોમાં ૪૧ સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.** આ કેમ્પમાં આવનાર દર્દીને કેમ્પમાં ઉપસ્થિત સુપ્રિટેન્ડેન્ટ શ્રી ડૉ. દિનેશભાઇ મકવાણા તબીબી તપાસ બાદ મફત દવાઓ અને યોગ્ય સલાહ આપે છે. દર્દીને જરુરી પેથોલોજીકલ ટેસ્ટ, ECG, એકસ-રે  વગેરે સેવાઓ હોસ્પિટલમાં ઉપલબ્ધ હોવાથી રાહત દરે યોગ્ય ચકાસણી કરી આપવામાં આવે છે. **વર્ષ દરમ્યાન કુલ ૪૧ કેમ્પમાં કુલ ૨૩૦૦ દર્દીઓએ આ નિદાન અને સારવાર કેમ્પનો લાભ લીધો છે. હવે તમામ રોગ નિદાન કેમ્પમાં બાળકોના ડોક્ટર દ્વારા પણ તબીબી તપાસ આપવાની શરૂઆત કરેલ છે.**

**હોસ્પિટલનું નવીનીકરણ અને નિષ્ણાંત ડોક્ટરોની ઉપલબ્ધ સેવાઓને કારણે OPD માં વર્ષ દરમ્યાન ૫૩૦૨૩ દર્દીઓને વૈદકીય સેવાઓ આપવામાં આવી**. મહિના દીઠ સરેરાશ **૧૬૪ (વાર્ષિક આંક ૧૯૬૫)** બાળકોનો જન્મ થયો છે. **આ વર્ષ દરમિયાન આધુનિક ટેક્નોલોજીની મદદથી ગર્ભાશયના ૧૫૪ ઓપરેશન કરવામાં આવ્યા.** અગાઉના વર્ષોમાં આવા ઓપરેશન કરવાની પદ્ધતિ અલગ અને જૂની ટેકનોલોજીની હતી. આધુનિક ટેકનોલોજી હોસ્પિટલમાં વસાવવાથી દર્દીની સારવાર ખૂબ ઓછી પીડાએ થઈ શકે છે. તથા હોસ્પિટલનો સમય ઘટે છે.

સને ૨૦૨૫-૨૬ માં દરેક વોર્ડ માં એ.સી ની સુવિધા કરી આપવામાં આવેલ છે. તેથી અસહ્ય ગરમીને લીધે દર્દીઓને પહેલા જે સમસ્યા થતી હતી તેને દૂર કરવામાં આવેલ છે. તેમજ હોસ્પિટલનું વીજ બિલ ઓછું થાય તેમજ સૂર્ય ઉર્જા થકી ઉર્જા મેળવી અને ઉપયોગમાં લઈ શકાય તે માટે સોલર સિસ્ટમમાં વધારો કરવામાં આવ્યો છે. આ વર્ષમાં વંધ્યત્વ નિવારણ માટે “ વાણી IVF ” અમદાવાદના નિષ્ણાંત તબીબ દ્વારા મહિનામાં બે દિવસ રાહત દરે ઓપીડી સેવાઓ શરૂ કરેલ છે. જેમાં વર્ષ દરમિયાન વંધ્યત્વ  સમસ્યાના નિવારણ માટે ૩૫૦ જેટલા દર્દીઓને તપાસીને સારવાર આપેલ છે. માહે જાન્યુઆરી ૨૦૨૬ થી HCG હોસ્પિટલ અમદાવાદના કાર્ડિઓલોજિસ્ટ ડૉ. નિર્મલ શાહ ની મહિનામાં બે દિવસ રાહત દરે ઓપીડી સેવાઓ શરૂ કરેલ છે. જાન્યુઆરી ૨૦૨૬ થી માર્ચ ૨૦૨૬ સુધીમાં ૨૦ જેટલા દર્દીઓને હૃદય સબંધિત રોગોને સારવાર પૂરી પાડવામાં આવેલ છે.








**શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલ, ધોળકા સ્ટાફ**

## આભાર દર્શન

**અમારા ટ્રસ્ટના વિવિધ લોક ઉપયોગી કાર્યક્રમો અને પ્રવૃતિઓના આયોજન અને અમલીકરણમાં નીચે જણાવેલ સંસ્થાઓ અને મહાનુભાવોનો સાથ – સહકાર પ્રાપ્ત થયો છે તે બદલ અમે ટ્રસ્ટીગણ સૌનો હદયપૂર્વક આભાર માનીએ છીએ.**

- શ્રી કિરીટસિંહ ડાભી ધારાસભ્યશ્રી – ધોળકા
- ધોળકા નગરપાલિકાના માનનીય પ્રમુખશ્રી તથા ધોળકા નગરપાલિકાના સૌ માનનીય સભ્યશ્રીઓ
- શ્રી પ્રતુલભાઈ શ્રોફ , ડૉ. કે.આર. શ્રોફ , ફાઉન્ડેશન , અમદાવાદ
- શ્રી ઉદયભાઈ દેસાઈ, ડૉ. કે.આર. શ્રોફ , ફાઉન્ડેશન , અમદાવાદ
- અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, બેંગલોર, કર્ણાટક
- ડૉ. અરુણભાઈ દવે, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, લોક ભારતી સણોસરા, જિ. ભાવનગર
- ડૉ. ભાવના બહેન પાઠક, પંડિત સુખલાલજી લોક વિદ્યાલય કેન્દ્ર, માયધાર, જિ. ભાવનગર
- શ્રી પ્રસાંતભાઈ ભટ્ટ, શ્રી દક્ષિણામૂર્તિ બાળમંદિર ભાવનગર
- તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, ધોળકા, અમદાવાદ
- શ્રી ખોડુભાઈ એન, પઢિયાર, પ્રમુખ શ્રી અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘ
  ટ્રસ્ટની કામગીરીની સર્વ ૩૬ શાળાઓના આચાર્યશ્રીઓ તેમજ શિક્ષકગણ

**અમારા ટ્રસ્ટના વિવિધ પ્રવૃતિને આર્થિક સહાય આપનાર સંસ્થા અને વ્યક્તિઓને અમો હદયપૂર્વક આભાર માનીએ છે.**

**શ્રી હીરાલાલ ભગવતી ચેરીટેબલ ટ્રસ્ટ, ધોળકા**

- ઇનસ્પિરોન એન્જિનયરિંગ પ્રા. લિ. અમદાવાદ
- પ્રમોલ ટ્રેડર્સ હોલ્ડિંગ્સ પ્રા. લિ . અમદાવાદ
- શ્રી અશોકભાઈ ચંપકલાલ મહેતા
- શ્રી ચંદ્રકાંતભાઈ કે. ઠક્કર
- શ્રી પ્રકાશભાઈ એચ. શાહ
- શ્રી રાજેશભાઈ રમણીકલાલ શાહ
- વર્ધમાન સેવા કેન્દ્ર , ધોળકા

**શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ**

- વાણી આઈ.વી.એફ સેન્ટર, અમદાવાદ
- શ્રી સુખદેવભાઈ સંતરામદાસ પંજાબી
- શ્રી વ્યાસ કમલેશકુમાર નટવરલાલ
- શ્રી મયુરભાઈ ચીમનલાલ પટેલ
- શ્રી વિરેન્દ્રભાઈ ભીખાભાઇ પરીખ

# શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ

**ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ કાયદો, ૧૯૫૦ પરિશિષ્ટ -૮ (જુઓ નિયમોને - ૧૭ – ૧)**

**તા. ૩૧.૩.૨૦૨૬ ના રોજનું સરવૈયું.**

| ફંડ અને જવાબદારીઓ | રકમ ( રૂ.) | મિલકત અને અસ્ક્યામતો | રકમ ( રૂ.) |
|---|---|---|---|
| સ્થાપિત ફંડ | ૧,૦૦૧.૦૦ | કાયમી અસ્ક્યામતો | ૪,૫૭,૮૯૮.૦૦ |
| અંકિત કરેલા ફંડ | ૩૦,૦૦,૦૦૦.૦૦ | રોકડ અને બેંક અવેજ | ૧,૬૬,૧૫,૯૬૬.૦૦ |
| ઉપજ અને ખર્ચ ખાતું | ૧,૪૧,૬૧,૧૭૭.૦૦ | અન્ય ચાલુ અસ્ક્યામતો | ૮૮,૩૧૪.૦૦ |
| **કુલ** | **૧,૭૧,૬૨,૧૭૮.૦૦** | **કુલ** | **૧,૭૧,૬૨,૧૭૮.૦૦** |

# શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ

**ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ કાયદો, ૧૯૫૦ પરિશિષ્ટ -૯ (જુઓ નિયમોને - ૧૭ – ૧)**

**તા. ૩૧.૩.૨૦૨૬ ના રોજ પૂરા થયેલ વર્ષ માટેનો ઉપજ – ખર્ચનો હિસાબ**

| ખર્ચ | રકમ ( રૂ.) | ઉપજ | રકમ ( રૂ.) |
|---|---|---|---|
| વહીવટી ખર્ચાઓ | ૭,૦૭,૬૪૨.૦૦ | વ્યાજની આવક | ૮,૯૫,૭૨૨.૦૦ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનો ખર્ચ | ૪૩,૧૫,૯૩૪.૦૦ | મળેલ દાન | ૬૮,૩૩,૧૧૧.૦૦ |
| ઘસારા ખાતેની જોગવાઈ | ૯૬,૯૪૩.૦૦ | | |
| ખર્ચ કરતાં ઉપજનો વધારો જે સરવૈયામાં લઈ ગયેલ તે | ૨૬,૦૮,૩૧૪.૦૦ | | |
| **કુલ** | **૭૭,૨૮,૮૩૩.૦૦** | **કુલ** | **૭૭,૨૮,૮૩૩.૦૦** |

- શ્રી પ્રકાશ કે. ભગવતી
- શ્રીમતી અંજના પી. ભગવતી
- શ્રી અમોલ પી. ભગવતી
- શ્રીમતી અમ્રિતા શાહ







શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ સ્ટાફ

Trust Regd. No.: E/17046, Ahmedabad
Dated: 28/01/2005


સંપર્ક માટેનું સરનામું :

**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ**

C/o. શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ
કલિકુંડ રોડ, અટલ સરોવરની સામે, ધોળકા - ૩૮૨ ૨૨૫. જિ. અમદાવાદ.
M. 63562 22755 E-mail: info@shbct.org

હેડ ઓફિસ

**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ**

C/o. ઈનસ્પિરોન એન્જિનિયરિંગ પ્રા. લિ., ઓઢવ જીઆઈડીસી પાસે, ઓઢવ,
અમદાવાદ - ૩૮૨ ૪૧૫. ફોન : ૦૭૯-૬૯૩૧ ૨૦૦૦